# BOOKFAIR BULLETIN

**DAY 2**

**7/1/2024**

9th Vibrant AMDAVAD NATIONAL BOOK FAIR
6th to 12th Jan. 2024
GMDC GROUND




આજ તા. ૦૭/૦૧/૨૦૨૪ ને રવિવારના રોજ નાના બાળક થી લઈને વૃદ્ધ વ્યક્તિઓ સુધી બધી વયના લોકોએ વાયબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેરની મુલાકાત લેવામાં આવી હતી. કુલ મુલાકાતીઓની સંખ્યા અંદાજિત 25000 ને પાર પહોંચી હતી. બુક ફેરમાં બાળકો માટે ચિલ્ડ્રન ફિલ્મ શો, તેમજ ગઝલ પ્રેમીઓ માટે  ગઝલનો કાર્યક્રમ પણ યોજાયો હતો.




નેશનલ બૂક ફેરની મુલાકાત લેનાર લોકો દ્વારા પુસ્તક પરબમાં કૂલ અંદાજિત ૩૦૦ જેટલા પુસ્તકો ડોનેટ કર્યા જ્યારે ૧૦૦૦ થી પણ વધુ પુસ્તકો રસિક વાચકોને ઉપલબ્ધ કરાવવામાં આવ્યા.



સાહિત્ય સપ્તાહ માં બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી ખૂબ જાણીતા કવિ ડૉ. રઈશ મણીઆરે કવિતા, ગઝલ, દુહા અને છંદ વિશેનો સ્કીલ ડેવલપમેન્ટ વર્કશોપ લીધો હતો અને ભાગ લેનાર સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે કવિતામાં સંવેદનાના મહત્વની વાત ઉદાહરણ સહિત કરી હતી.વિવિધ કવિતાઓ, ગઝલોના ઉદાહરણો સાથે લોકોને કવિતા, ગઝલોના છંદ વિશે માહિતીગાર કર્યા હતા. તેઓએ સાંપ્રત સમયમાં યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય એવા Rap Songs વર્ષો પહેલા આપણા ગુજરાતી સાહિત્યમાં લખાતા હતા તેનું એક ઉદાહરણ આપતા કવિ દલપતરામની એક લોકપ્રિય રચના 'બાર અંગ વાંકા' નું પઠન કર્યું હતું અને તેના છંદો વિશે રોચક જાણકારી આપી હતી. ગુજરાતી સાહિત્યકારોના કેટલાક લોકપ્રિય છંદો જેવા કે મંદાકાન્તા, શિખરણી, પૃથ્વી જેવા છંદોની આસપાસ હિન્દી ફિલ્મોના ગીતો પણ લખાતા તેવા ગીતો પણ તેમણે સંભળાવ્યા. તેમજ કર્ણ-કંઠ પ્રથા વિશે પણ માહિતી આપી. વર્કશોપનાં અંત સુધી તેમણે સાહિત્ય રસિકોને પોતાની સાથે બાંધી રાખ્યા હોય એવો માહોલ સર્જી દીધો હતો અને વર્કશોપના અંતે બધા શ્રોતાઓ સાથે વ્યક્તિગત વાર્તાલાપ કર્યો  તેમજ 'સેલ્ફી મોમેન્ટ' પણ માણી હતી.

ચિલ્ડ્રન ફેસ્ટિવલમાં આજરોજ બાળકોને "મારા પપ્પા સુપર હીરો", "મેક અ વિશ" અને ચાર્લી ચેપ્લિન ફિલ્મ બતાવવામાં આવી. બાળકોએ ખૂબ આનંદ સાથે ફિલ્મ માણી  અને સંપૂર્ણ હોલ હાઉસફુલ થયેલો જોવા મળ્યો.





જ્ઞાનગંગા સેશન હેઠળ સાંજે ૪ વાગ્યાથી ૬ વાગ્યા સુધી વિદ્વાન લેખક અને પૂર્વ IAS અધિકારી શ્રી વસંત ગઢવી દ્વારા ગુજરાતી ક્લાસિક 'સૌરાષ્ટ્રની રસધાર'ના ૧૦૦ વર્ષ વિશે અનેરી અને અજાણી વાતો કરવામાં આવી. તેમણે વિવિધ પ્રસંગોને આવરીને અનેક વિષયો પર પોતાનું વક્તવ્ય રજુ કર્યુ. તેમને ગુજરાત તેમજ દેશના અન્ય રાજયોના  લોક-સાહિત્યમાં તથા શ્રી રવિન્દ્રનાથ ટાગોરની કવિતાઓમાં પણ વિશેષ રૂચી છે એવું તેમણે જણાવ્યું. શ્રી વસંત ગઢવીએ  ઝવેરચંદ મેઘાણીની વાત કરતા જણાવ્યું કે, “વિવિધ રૂપે પાંગરેલી મેઘાણીની લેખન પ્રવૃત્તિમાં લોકસાહિત્યનાં સંશોધન, સંપાદન અને સમાલોચનની પ્રવૃત્તિ અતિમહત્વની હતી..” સૌરાષ્ટ્રના સિંહ તરીકે ઓળખાતા અમૃતલાલ શેઠ, ગાંધીજી, કનૈયાલાલ મુનશી, ગોવર્ધન ત્રિપાઠી અને અબ્રાહમ લિંકન વિશે પણ અનેક કિસ્સાઓની રસપ્રદ વાત કરી. "અંકલ ટોમ્સ કેબિન" નવલકથાનું મનુભાઈ પંચોળી દ્વારા કરેલ ગુજરાતી ભાવાનુવાદ "ટોમ કાકા ની ઝૂંપડી" નું ઉદાહરણ આપ્યુ હતું.

જ્યારે બીજી બાજુ "Author's Corner" દિલીપ રંગવાણીએ લેખન પ્રકિયા વિશે જણાવ્યું હતું કે “તેઓ જયારે જે વાત યાદ આવે તે વાતને તેઓ એજ ક્ષણે નોટમાં નોંધી લે છે, પછી ભલે એ રસ્તા પર જતાં હોય કે કોઈ અગત્યના કામમાં રોકાયેલા હોય.”  ધ્રુવ શેઠે લેખન વિશે કહ્યું કે, “તેઓ કોઈ વાર્તા લખતાં હોઈ તો વાર્તાના મેઈન પોઇન્ટ પર વધુ ફોકસ કરે છે અને વાર્તાના પહેલા દિવસથી વાર્તાની પૂર્ણાહુતિ સુધી બધું જ તેમના મનમાં ક્રમશઃ ગોઠવાયેલ રાખે છે.” ત્યારબાદ બંને લેખકોએ પુસ્તકના પ્રકાશન અંગે વાત કરી હતી અને છેલ્લે શ્રોતા ગણ સાથે પ્રશ્નોત્તરી કરી.



તેમજ સાંજે ૭ વાગ્યે ત્રિવેણી કાર્યક્રમ અંતર્ગત ગઝલના બે ગઢ, સૈફ પાલનપુરી અને બેફામને નૈનશ જાની, રિધ્ધિ વોરા - આચાર્ય, પરાગી પારેખ અને દિવ્યાંગ અંજારિયા દ્વારા સ્વરાંજલી સ્વરૂપે ગઝલો જમાવટ કરી સમગ્ર વાયબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેરના શ્રોતા ગણોને પ્રફુલ્લીત કર્યા હતા.




**સ્થળ: GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ**